# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઇન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

suratdeo@gmail.com

web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/15090

તા.30/૧૨/૨૦૨૫ 31

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત, જિ.સુરત

વિષય:- મતદારયાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) મતદાર મથક ખુલ્લા રાખવા બાબત.

સંદર્ભ:- કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરતના પત્ર ક્રમાંક નં.ચટણ-૩ મતચ/SIR/કાર્યક્રમ/ખાસ ઝુંબેશ/૨૦૨૫ તા.૨૬/૧૨/૨૦૨૫નો પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે મે.અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પત્રમાં જણાવેલ વિગતે ભારતની ચૂંટણી પંચના તા.૨૭/૧૦/૨૦૨૫ના પત્રમાં ભારતના કુલ ૧૨ રાજ્યોમાં મતદારયાદીની ખાસ સઘન સુધારણા કાર્યક્રમ-૨૦૨૬ (Special Intensive Revision-૨૦૨૬) જાહેર કરવામાં આવેલ છે. સદર કાર્યક્રમ અંતર્ગત બી.એલ.ઓ.ની કામગીરી કરતા તમામ કર્મચારીઓએ ફાળવવામાં આવેલ મતદાનમથક ખાતે તા.03/૦૧/૨૦૨૬ અને તા.૦૪/૦૧/૨૦૨૬ના રોજ ખાસ કેમ્પના દિવસોએ સવારે ૧૦-૦૦ કલાક થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન મતદાર મથકો ખુલ્લા રાખવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

**ELECTION IMMEDIATE**

"મજબૂત લોકશાહી
સૌની ભાગીદારી"

ફોન નંબર : ૦૨૬૧-૨૬૬૫૨૦૦
ઈ-મેઈલ : dydcosuratoffice@gmail.com

# કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી, સુરત

ચૂંટણી શાખા, પહેલો માળ, બી-બ્લોક, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

નં.ચટણ-૩/મતય/SIR/કાર્યક્રમ/ખાસ ઝુંબેશ/૨૦૨૫

તા.૨૬/૧૨/૨૦૨૫

પ્રતિ,

(૧) મ્યુ. કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.

(૨) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.

(૩) જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

(૪) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત.

(૫) જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા પંચાયત, સુરત.

વિષય : મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ(SIR)

તા.૨૭/૧૨/૨૦૨૫, તા.૨૮/૧૨/૨૦૨૫, તા.૦૩/૦૧/૨૦૨૬ અને તા.૦૪/૦૧/૨૦૨૬ ખાસ કેમ્પ બાબત

ઉપરોકત વિષયએ જણાવવાનું કે, ભારતના ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા જાહેર કરવામાં આવેલ મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ(SIR) અંતર્ગત આગામી સુનાવણીના તબક્કામાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં મતદારો પોતાના પુરાવાઓ રહેઠાણ નજીકના સ્થળે આપી શકે તથા નો-મેપીંગના કિસ્સામાં પોતાના પુરાવાના આધારે મેપીંગ કરાવી શકે તેવી સુચારૂ વ્યવસ્થા ઉભી કરવા ખાસ કેમ્પનું આયોજન કરવા સુચના મળેલ છે. જેથી સદર કામગીરી હેતુ અત્રેના સુરત જીલ્લાના તમામ મતદાન મથકો ખાતે તા.૨૭/૧૨/૨૦૨૫, તા.૨૮/૧૨/૨૦૨૫ તથા તા.૦૩/૦૧/૨૦૨૬ અને તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સબબ આપના તાબા હેઠળના બી.એલ.ઓ.ની કામગીરી કરતા તમામ કર્મચારીઓને ઉપરોક્ત સુચનાઓનું ફરજીયાતપણે પાલન કરાવવા તેમજ ખાસ કેમ્પના દિવસોએ સવારે ૧૦-૦૦ કલાક થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન મતદાન મથક પર ફરજીયાતપણે હાજર રાખવા આપની કક્ષાએથી જરૂરી સુચના આપવા તથા તા.૨૭/૧૨/૨૦૨૫, તા.૨૮/૧૨/૨૦૨૫ તથા તા.૦૩/૦૧/૨૦૨૬ અને તા.૦૪/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦-૦૦ કલાક થી સાંજે ૫-૦૦ કલાક દરમ્યાન મતદાન મથક ધરાવતી તમામ શાળા/કચેરીઓ ખુલ્લી રાખવા સંબંધિતોને જાણ કરવા વિનંતી.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 18365
તારીખ :- ૨૯/૧૨
સોંપ્યા :-
સહી :- 29/12

અધિક જીલ્લા ચુંટણી અધિકારી
સુરત

નકલ રવાના :

મતદાર નોંધણી અધિકારીશ્રી(તમામ) સુરત તરફ